| | |
|---|---|
| GJGS010003132026 | દાખલ તારીખ : ૦૬.૦૩.૨૦૨૬<br>નોંધ્યા તારીખ : ૦૬.૦૩.૨૦૨૬<br>નિર્ણય તારીખ : ૦૯.૦૩.૨૦૨૬<br>મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૩ |

==================================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. સેશન્સ જજશ્રીની કોર્ટમાં,મુ. વેરાવળ**

==================================================

**ફો. પ. અ. નં.૧૧૦.૨૦૨૬**
**આંક–**

**દિપકભાઈ જીવરાજભાઈ પરમાર**
ઉ. વ. આ. ૪૦, ધંધો. વેપાર,
રહે. તાલાલા જી. ગીર સોમનાથ.

**...... અરજદાર**

**વિરૂધ્ધ**

**૧ અર્જુન મેંગો સપ્લાયર્સના પ્રોપરાઈટર**
**રમેશકુમાર વિઠલભાઈ જારસાણીયા**
ઉ. વ. આ. ૫૪, ધંધો. ખેતી/કેરીનો વેપાર,
રહે. તાલાલા જી. ગીર સોમનાથ.

**૨. શ્રી સરકાર**

**...... સામાવાળાઓ**

---

અરજદાર તરફે વિ. એલ. એ. ડી. સી. સુશ્રી ડી. એમ. વ્યાસ
સામાવાળા નં. (૧) તરફે કોઈ નહી
સામાવાળા નં. (૨) તરફે વિ. સરકારી વકિલ શ્રી કે. ડી. વાળા

---

**:: લીમીટેશન એકટની કલમ–૫ મુજબ ડીલે માફ કરવાની અરજી ::**

**:: જજમેન્ટ ::**

(૧) આ કામના અરજદારે હાલની અરજી લીમીટેશન એકટની કલમ–૫ મુજબ અપીલ દાખલ કરવામાં થયેલ ૮૪ દિવસનો વિલંબ માફ કરવા માટે કરેલ છે.

(૨) અરજદારની અરજી સંબંધે સામાવાળાને નોટીશ કરવામાં આવતા સામાવાળા નં. (૧) તરફે કોઈ હાજર થયેલ નથી. જયારે સામાવાળા નં. (૨) તરફે વિ. સરકારી વકિલ શ્રી કે. ડી. વાળા હાજર થયેલ છે.

(૩) અરજદાર તરફે વિ. એલ. એ. ડી. સી. ચીફ સુશ્રી ડી. એમ. વ્યાસનાઓએ પોતાની રજૂઆતમાં ભારપુર્વક જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ આ કામના સામાવાળા નં. (૧) દ્વારા ધી નેગો. ઈન્સ. એકટની કલમ-૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ, જે કેસ ચાલી જતા વિ. ટ્રાયલ કોર્ટે આ કામના અરજદાર/આરોપીને સજા અને વળતર ચુકવવાનો હુકમ કરેલ, જે હુકમથી નારાજ થઈને આ કામના અરજદાર/આરોપી અપીલ દાખલ કરવા માંગે છે, પરંતુ હુકમ વખતે આ કામના અરજદાર/આરોપી હાજર રહેલ ન હોવાથી હુકમની જાણ થયેલ ન હોવાથી અપીલ દાખલ કરવામાં વિલંબ થયેલ છે. આ સિવાય વિલંબ કરવાનુ કોઈ કારણ ન હતુ, જેથી વિલંબ માફ કરી, અપીલ રજીસ્ટરે લેવા હુકમ કરવા રજૂઆત કરેલ છે. ઉપરોકત રજુઆત સામે સામાવાળાની રજૂઆત સાંભળી.

(૪) ઉભયપક્ષની રજુઆત તથા આ કામના અરજદાર/આરોપી તરફે હાલની અરજી કામે રજૂ કરેલ દસ્તાવેજોને ધ્યાને લેતા, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ આ કામના સામાવાળા નં. (૧) દ્વારા ધી નેગો. ઈન્સ. એકટની કલમ-૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ, જે કેસ ચાલી જતા વિ. ટ્રાયલ કોર્ટે આ કામના અરજદાર/આરોપીને સજા અને વળતર ચુકવવાનો હુકમ કરેલ, જે હુકમથી નારાજ થઈને આ કામના અરજદાર/આરોપી અપીલ દાખલ કરવા માંગે છે, પરંતુ હુકમ વખતે આ કામના અરજદાર/આરોપી હાજર રહેલ ન હોવાથી હુકમની જાણ થયેલ ન હોવાથી અપીલ દાખલ કરવામાં વિલંબ થયેલ છે. આ સિવાય વિલંબ કરવાનુ કોઈ કારણ ન હતુ, જેથી વિલંબ માફ કરી, અપીલ રજીસ્ટરે લેવા હુકમ કરવા રજૂઆત કરેલ છે. અરજદાર/આરોપીની અરજી સંબંધે સામાવાળાને સાંભળવામાં આવેલ છે. જો અરજદાર/આરોપીને હાલની અપીલ દાખલ કરવા દેવામાં ન આવે તો તેમના કાનૂની અધિકાર ઉપર

સ્વાભાવિક રીતે તરાપ પડે તેમ હોય અને જો અરજદાર/આરોપીને અપીલ દાખલ કરવા દેવામાં આવે તો તેનાથી સામાવાળાઓને કોઇ નુકશાન થવાનું નથી. જેથી નામ. સુપ્રિમ કોર્ટના **કલેકટર લેન્ડ એકવીઝીશન અનંતનાગ અને બીજાઓ વિ. માસ્ટર કાતીજી અને બીજાઓ (એ. આઇ. આર. ૧૯૮૭ (સુ. કો.) ૧૩૫૩)** ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતોને ધ્યાને લઇને, અરજદાર/આરોપીને અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરી, અરજી મંજુર કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય, જેથી ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) અરજદાર/આરોપીની હાલની વિલંબ માફ કરવાની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે અને ફોજદારી અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવામાં આવે છે.

(૨) રજીસ્ટ્રીએ અરજદાર/આરોપીની ફોજદારી અપીલ ધોરણસર રજીસ્ટરે લેવી.

(૩) હુકમ મુજબની યાદી કરવી.

આજરોજ આ હુકમ તા.૦૯મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૩/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(વિક્રમસિંહ બી. ગોહિલ)**
સત્ર ન્યાયાધિશ
ગીર સોમનાથ, વેરાવળ
**કોડ નં. જીજે૦૧૦૪૨**